PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/ક્વા-૦૨/૨૦૨૩-૨૪/ 3338-4 તારીખ : 17-10-2023

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
અમલ પંપ એલ.એલ.પી.
પ્લોટ નં. ૩ અને ૪ રેવન્યુ સર્વે નં. ૬૧૯, ભૂમિ ઇન્ડસ્ટ્રીયલ એરિયા પાસે ,
મું. પો. : શાપર વેરાવળ, તા. : કોટડાસાંગાણી, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૪
મોબાઈલ : ૯૩૭૪૨૪૫૧૧૬

વિષય : સોલાર સિસ્ટમના યુનિટ એક્સપોર્ટના ભાવ અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૫-૦૯-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૫/ક્વા-૦૨/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, શાપર વેરાવળ રાજકોટ ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૫/ક્વા-૨/૨૩-૨૪/3338-4 તા. 17-10-૨૦૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૨૫/ક્વા-૨/૨૩-૨૪, તા. ૧૫-૦૯-૨૦૨૩

| | |
|---|---|
| અરજદાર | : અમલ પમ્પ એલ.એલ.પી., ગામ: શાપર (વેરાવળ) |
| રજૂઆત કરનાર | : અરજદાર હાજર રહેલ નથી. |

**:: વિરુધ્ધ ::**

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય |
| રજૂઆત કરનાર | : શ્રી કે.એચ.બક્ષી,કાર્યપાલક ઈજનેર,પી.જી.વી.સી.એલ.,ગ્રામ્ય વિભાગીય કચેરી-રાજકોટ |

**:: કોરમ::**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી આર.સી.પટેલ |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : તા.૦૬.૧૦.૨૦૨૩ (શુક્રવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૬.૧૦.૨૦૨૩ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી અમલ પંપ એલ.એલ.પી. શાપરવેરાવળ પેટાવિભાગીય કચેરી ખાતે ગ્રાહક નં.૮૧૯૦૭/૦૬૯૯૫/૦ થી ૩૭ કિ.વો.નું NRGP વીજજોડાણ ધરાવે છે. અરજદારશ્રી દ્વારા શાપર વેરાવળ ખાતે ૪૦ કિ.વો.નું સોલાર રૂફટોપ સિસ્ટમ ઇન્સ્ટોલ કરાવેલ છે, જે જૂન-૨૦૨૨ થી ચાલુ થયેલ છે એટલે કે વર્ષ ૨૦૨૧-૨૦૨૫ અંતર્ગતની સ્કીમ હેઠળ ઇન્સ્ટોલ કરાવેલ છે. પીજીવીસીએલ કંપની સાથેના એગ્રીમેન્ટ મુજબ રૂ.૨.૨૫ પ્રતિ યુનિટ એક્સપોર્ટના મળવા પાત્ર છે. પરંતુ આજસુધી એક્સપોર્ટના યુનિટનું વળતર રૂ.૧.૭૫ લેખે હિસાબ કરાયેલ છે. અરજદારના શેડનું વીજજોડાણ એનઆરજીપી ટેરીફ કેટેગરીમાં છે અને તેઓએ MSME નું સર્ટિફિકેટ શાપર વેરાવળ પેટા વિભાગીય કચેરીમાં જમા કરાવેલ છે તથા ઈમેલ પણ કરેલ છે, બધા ડોક્યુમેન્ટ અને એગ્રીમેન્ટ મુજબ એક્સપોર્ટ યુનિટનું વળતર રૂ.૨.૨૫ લેખે મેળવવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૩૦-૦૯-૨૦૨૩ થી ફરિયાદી સાથે સમાધાન થયેલ છે, જે બદલ બન્ને પક્ષકારોની લેખિત સમંતિ હેઠળ ફોરમ સમક્ષ રજુ કરવામાં આવેલ છે, તે મુજબ અમલ પમ્પ એલ.એલ.પી. વતી શ્રી હાર્દિક મનસુખભાઈ રૈયાણી દ્વારા લેખિતમાં જણાવેલ છે તે મુજબ સોલાર જનરેશનના યુનીટનો ભાવ રૂ.૨.૨૫ ને બદલે રૂ.૧.૭૫ લેખે પીજીવીસીએલ દ્વારા ગણતરીમાં લેવામાં આવતો હતો, જે તફાવતના યુનીટના રૂ.૦.૫૦ લેખે પીજીવીસીએલ દ્વારા જમા આપવામાં આવેલ છે, જે અંગેની લેખિત જાણકારી શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરીના પત્ર નં - SVSD/REV/5813 Dtd:30-09-2023 થી વિગતવાર ગણતરીપત્રક આપેલ છે, જેથી સદર બાબતે કોઈ ફરિયાદ રહેતી ન હોય, જે બદલ અરજદાર દ્વારા સમાધાન પત્રમાં સહી કરી આપેલ છે, જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ::

૪.૦ અરજદારની લેખિત રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની મુદ્દા નં ૨.૦ મુજબની વિગતેની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મુદ્દા નં ૩.૦ મુજબની કાર્યવાહી કરતા અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. આમ, ફોરમ દ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અરજદારની સદર અરજી દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |